ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# ગતિવિધિ

## સમસ્ત વૈષ્ણવ વણિક પરિવારના નવનિયુક્ત હોદ્દેદારોનો સત્કાર સમારંભ



વડોદરા: વડોદરાના હરણી રોડ સ્થિત મિલન પાર્ટી પ્લોટ ખાતે સમસ્ત વૈષ્ણવ વણિક પરિવારના નવનિયુક્ત હોદ્દેદારોના સત્કાર સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. એસ.વી.વી.પી. બૃહદ પ્રમુખ કિરીટભાઈ શાહના પ્રમુખપદે યોજાયેલા કાર્યક્રમમાં ઉપપ્રમુખ જયેશભાઈ શાહ અને મંત્રી દક્ષેશભાઈ શાહ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

## વડોદરામાં 'નમોત્સવ ૨૦૨૬'માં ૫૦૦ દિવ્યાંગ બાળકોએ પ્રતિભા રજૂ કરી



વડોદરા: વડોદરા શહેરના કારેલીબાગ સ્થિત સ્વામિનારાયણ મંદિરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૬મા જન્મદિવસ નિમિત્તે રાવપુરા વિધાનસભા પરિવાર અને હાઉસ ઓફ હ્યુમેનિટી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા 'નમોત્સવ ૨૦૨૬ - દિવ્યાંગ મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. 'સપનાઓ, પ્રતિભા અને ભારતની ઉજવણી'ની થીમ સાથે યોજાયેલા મહોત્સવમાં વડોદરાની વિવિધ ૧૪ સંસ્થાઓના આશરે ૫૦૦ દિવ્યાંગ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## વડોદરામાં ક્લસ્ટર કક્ષાના ભરતી મેળામાં ૫૦૬ ઉમેદવારોની પસંદગી



વડોદરા : વડોદરા ખાતે યોજાયેલા ભરતી મેળામાં સર્વિસ સેક્ટર, મેન્યુફેક્ચરિંગ, ફાર્મા, સેલ્સ, હોસ્પિટલ અને ઈન્સ્યોરન્સ ક્ષેત્રની ૪૨ કંપનીઓ ૧૮૩૫ જગ્યાઓ માટે ઉમેદવારોના ઈન્ટરવ્યૂ લેવા ઉપસ્થિત રહી હતી. જેમાં ૯૪૨ ઉમેદવારોએ ભાગ લીધો હતો. આ ભરતી મેળામાંથી ૫૦૬ ઉમેદવારોની રોજગાર અને એપ્રેન્ટિસશિપ માટે પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી.

## રાધાષ્ટમીની પૂર્વસંધ્યાએ વ્રજધામમાં 'ભજન જેમિંગ અને રાસ' ઉત્સવ



વડોદરા: રાધાષ્ટમીના પાવન અવસર નિમિત્તે વડોદરાના માંજલપુર સ્થિત વ્રજધામ આધ્યાત્મિક સંકુલ ખાતે વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશન (VYO) દ્વારા 18 સપ્ટેમ્બર, શુક્રવારે ભવ્ય 'ભજન જેમિંગ અને રાસ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે 8થી રાત્રે 11 વાગ્યા સુધી યોજાનારા આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ યુવા પેઢીને આધ્યાત્મિક પરંપરા સાથે જોડવાનો છે.

## વડોદરામાં 'ભોજન એ જ સેવા' ના સંકલ્પ સાથે અનોખી પહેલ શરૂ



વડોદરા : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે શહેરમાં માનવતાની મહેક ફેલાવતો એક પ્રેરણદાયી અને અનોખો અભિગમ સામે આવ્યો છે. 'ભોજન એ જ સેવા અને સેવા એ જ ધર્મ' ના પવિત્ર સંદેશને ચરિતાર્થ કરવા માટે પ્રશિવ અન્નક્ષેત્ર અને 'ટીમ ટ્રીસ ચેરિટેબલ ટ્રસ્ટ' દ્વારા સંયુક્તપણે ૧૧ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલી એક અત્યાધુનિક ફૂડ ટ્રકનું ભવ્ય અનાવરણ કરાયું છે.

### વડોદરા મ્યુનિસીપલ કોર્પોરેશનના ઓડિટમાં મોટો ખુલાસો

# પ્રિ-ઓડિટમાં ૭.૬૮ કરોડની કપાત, ૧૭૮.૧૦ કરોડ રૂપિયાની તસલમાતનો હિસાબ બાકી

**૪૨,૬૨૮ બિલોની** ચકાસણીમાં નાણાકીય ક્ષતિઓ પકડાઈ

**50 MLD દોડકા** પ્લાન્ટના ટેન્ડરમાં ભૂલ સુધારી ૬૦.૭૧ લાખનું ભારણ ઘટાડાયું

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૭
વડોદરા મહાનગરપાલિકાની ઓડિટ શાખા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬નો વાર્ષિક ઓડિટ રિપોર્ટ સ્થાયી સમિતિ સમક્ષ જાણ અર્થે રજૂ કરવામાં આવ્યો છે. આ અહેવાલમાં પાલિકાની નાણાકીય કામગીરી, ચૂકવણીઓ, ઓડિટ કપાત અને ગંભીર અનિયમિતતાઓ અંગેના ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે.

અહેવાલ અનુસાર, વર્ષ દરમિયાન મુખ્ય ઓડિટ શાખા, ઝોન કચેરીઓ અને સ્ટોર વિભાગ મળી કુલ ૪૨,૬૨૮ બિલોનું સઘન પ્રિ-ઓડિટ હાથ ધરવામાં આવ્યું હતું. મેઝરમેન્ટ બુકમાં ગણતરીની ભૂલો, વધુ રકમના આકાર, ઓવર ટાઈમ ગણતરીમાં ખામી, જીએસટીની ખોટી આકારણી અને ટેન્ડર શરતોના ભંગ બદલ કડક કાર્યવાહી કરી કુલ ૭,૬૮,૦૮,૦૫૩ ની રકમની કપાત કરી બિલ મંજૂર કરવામાં આવ્યા છે.

રિપોર્ટમાં સૌથી ગંભીર બાબત એ સામે આવી છે કે વિવિધ ખાતાઓ અને વહીવટી વોર્ડ દ્વારા આકસ્મિક ખર્ચ કે ખરીદી અર્થે લેવાયેલી તસલમાત (એડવાન્સ) રકમ પૈકી ૧,૭૮,૧૦,૪૭,૦૦૩ (૧૭૮.૧૦ કરોડ) ની મોટી રકમનો વર્ષના અંતે પણ હિસાબી જમાખર્ચ કરાવવામાં આવ્યો નથી.

જમા તપાસણી વિભાગ દ્વારા હાથ ધરાયેલા પોસ્ટ ઓડિટમાં જમીનભાડું, કેબીન ભાડું, પાર્કિંગ અને પ્રવેશ ફીમાં ઓછી આકારેલી રકમ ધ્યાને આવતાં ૫,૭૩,૯૪,૯૯૮ ની રેવન્યુ રીકવરી કરવા નિર્દેશ અપાયો છે. આ ઉપરાંત, 50 MLD દોડકા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના ટેન્ડરમાં ટાઈપિંગ ભૂલ પકડી વર્ક ઓર્ડરની રકમ ૫.૩૮ કરોડથી ઘટાડી ૪.૭૭ કરોડ કરાતાં પાલિકાને ૬૦.૭૧ લાખની બચત થઈ છે. ઉલ્લેખનીય છે કે, નાણાકીય શિસ્ત જાળવતા ઓડિટ વિભાગમાં મંજૂર ૧૩૫ જગ્યાઓ સામે માત્ર ૬૫ કર્મચારીઓ કાર્યરત છે અને ૭૦ જગ્યાઓ ખાલી હોવા છતાં સ્ટાફે કરોડો રૂપિયાની બચત અને રિકવરી દર્શાવી છે.

### કાંસની સફાઈ માટે ડ્રેઈન માસ્ટર મશીન ભાડે રાખવા, ૧૦ ટ્રેક્ટર ટ્રોલીની ખરીદી અને ગરબા સ્પર્ધાના આયોજન અંગે નિર્ણય લેવાશે

## રૂ. ૧.૪૪ કરોડની શાળા અને પાર્કિંગ સહિતના મહત્વના પ્રસ્તાવ રજૂ થશે

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૭
વડોદરા મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની અત્યંત મહત્વપૂર્ણ બેઠક આગામી ૧૯ સપ્ટેમ્બરના રોજ યોજાનાર છે, જેમાં શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સફાઈ, પાર્કિંગ વ્યવસ્થા અને સાંસ્કૃતિક આયોજનોને લગતા કરોડો રૂપિયાના વિવિધ પ્રસ્તાવ નિર્ણય અર્થે રજૂ કરવામાં આવશે. ખંડેરાવ માર્કેટ બિલ્ડિંગ સ્થિત પાલિકાના સમિતિ ખંડમાં બપોરે ૧૨:૦૦ કલાકે મળનારી આ બેઠકમાં શહેરના વહીવટી અને પ્રજાલક્ષી કામો પર નિર્ણય લેવાશે. બેઠકની શરૂઆતમાં ચીફ ઓડિટર કચેરી તરફથી રજૂ કરવામાં આવેલ વર્ષ ૨૦૨૫-૨૬નો વાર્ષિક ઓડિટ રિપોર્ટ સમિતિ સમક્ષ જાણ અર્થે મુકવામાં આવશે.

શહેરની ડ્રેનેજ વ્યવસ્થા અને કાંસની સફાઈ કામગીરીને વધુ ઝડપી તથા અસરકારક બનાવવા માટે મિકેનિકલ ખાતા દ્વારા ખાસ પ્રકારના ડ્રેઈન માસ્ટર ફ્લોટિંગ પોકલેઈન મશીન ભાડે લેવાની દરખાસ્ત રજૂ કરાશે. શહેરના વિવિધ કાંસની આંતરિક સફાઈ માટે મેસર્સ ક્લીનટેક ઈન્ફ્રા અને મેસર્સ શર્મા એન્ટરપ્રાઈઝ પાસેથી પ્રતિ શિફ્ટ ૫૦,૦૦૦ પ્લસ જીએસટીના દરે મશીન ભાડે રાખવામાં આવશે. આ સિવાય સ્વર્ણિમ જયંતી ગ્રાન્ટ અંતર્ગત સફાઈ કામગીરી માટે અગાઉના ટેન્ડર મુજબ મેસર્સ કિશન ફોર્સ વલસાડ પાસેથી ૭૬.૫૦ લાખના ખર્ચે નવી ૧૦ નંગ ટ્રેક્ટર ટ્રોલી ખરીદવા રીપીટ ઓર્ડર આપવાની કમિશનરની ભલામણ પર મંજૂરી મેળવવામાં આવશે.

નાગરિકોની સુવિધા અને ટ્રાફિક વ્યવસ્થા સુધારવા જમીન મિલકત શાખા દ્વારા ખંડેરાવ માર્કેટ બિલ્ડિંગ નીચે બેંક ઓફ બરોડા પાસે આવેલી જગ્યામાં 'પે એન્ડ પાર્ક'નો ઈજારો આપવાની પ્રક્રિયા હાથ ધરાશે. જાહેર હરાજીમાં સૌથી ઊંચી બોલી રૂ. ૧,૦૫,૦૦૦ માસિક ફી બોલનાર અરજદાર પાર્થ કાછીયાપટેલને પાર્કિંગનો કોન્ટ્રાક્ટ સોંપવાની મંજૂરી મંગાશે.

આ ઉપરાંત ઉત્તર ઝોનમાં સમા ખાતે આવેલ રંગ અવધૂત સ્કૂલનું ૧.૪૪ કરોડથી વધુના અંદાજિત ખર્ચે નવીન બિલ્ડિંગ બનાવવા સૌથી ઓછા ભાવ ભરનાર ફતેહ કન્સ્ટ્રક્શનને કામ સોંપવાની ભલામણ મંજૂર કરાશે. તેમજ નવરાત્રી નિમિત્તે સરકારની સૂચના મુજબ શહેર કક્ષાની ગરબા સ્પર્ધા યોજવા ૬.૪૯ લાખનો ખર્ચ મંજૂર કરી આગળની તમામ આયોજન સત્તા કમિશનરને સુપ્રત કરાશે.

### પેરેન્ટ્સ એસોસિએશનની પોલીસને રજૂઆત

# ન્યૂ એરા સ્કૂલમાં વિદ્યાર્થીના વીજ કરંટથી મોત મામલે FIRની માંગ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૭
ફતેગંજનીન્યૂ એરા સ્કૂલમાં 15 ઓગસ્ટના રોજ ફૂટબોલ પ્રેક્ટિસ દરમિયાન વીજ કરંટ લાગવાથી 15 વર્ષીય વિદ્યાર્થી દેવ પ્રશાંત શાહનું મોત થયું હતું. આ ગંભીર ઘટનામાં જવાબદારી નક્કી કરવા માટે વડોદરા પેરેન્ટ્સ એસોસિએશન દ્વારા નિષ્પક્ષ અને સંપૂર્ણ તપાસની માંગ કરવામાં આવી છે.



મૃતકના પિતા ડો. પ્રશાંત શાહ દ્વારા ફતેહગંજ પોલીસ સ્ટેશનમાં કરવામાં આવેલી ફરિયાદમાં ઘટનાની તપાસ કરી લાગુ કાયદાકીય જોગવાઈઓ હેઠળ કાર્યવાહી કરવાની રજૂઆત કરવામાં આવી છે. ફરિયાદમાં MGVCL દ્વારા 16 ઓગસ્ટે કરાયેલા સ્થળ નિરીક્ષણના પંચનામાનો પણ ઉલ્લેખ છે. જેમાં શાળાના મેદાન આસપાસના વાયરિંગમાં શોર્ટ સર્કિટ તથા ઈન્સ્યુલેશનને નુકસાન થયાનું નોંધાયું હોવાનું જણાવાયું છે.

પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં પણ વિદ્યાર્થીનું મૃત્યુ વીજ કરંટ લાગ્યા બાદ થયેલા શોક સાથે જોડાયેલ હોવાનું જણાવાયું છે. પેરેન્ટ્સ એસોસિએશને શાળાના ઈલેક્ટ્રિકલ ઈન્સ્ટોલેશનની સ્થિતિ, જાળવણી, નિયમિત નિરીક્ષણ અને વિદ્યાર્થીઓની સલામતી માટે લેવાયેલા પગલાં સહિતના મુદ્દે તપાસની માંગ કરી છે. તેમજ MGVCL પંચનામું, પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને અન્ય દસ્તાવેજોના આધારે જવાબદારી નક્કી કરવાની માંગ કરી છે.

17 સપ્ટેમ્બરે કિશોર પિલાઈ સહિતના સભ્યોએ ફતેહગંજ પોલીસને રજૂઆત કરી હતી. યોગ્ય કાર્યવાહી નહીં થાય તો આંદોલન કરવાની તેમજ પોલીસ કમિશનર કચેરી બહાર ધરણા અને કોર્ટ સુધી જવાની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

## બાજવા રેલવે સ્ટેશને ટ્રેનમાં ચઢતી વખતે પગ લપસતા વૃદ્ધ પટકાયા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૭
સ્થાનિક ભાથીજીનગર, છાણી ગામ વિસ્તારના રહેવાસી ૬૪ વર્ષીય પ્રિતમસિંહ સતનામસિંહ ચૌહાણ સાથે બાજવા રેલવે સ્ટેશન પર એક ગમખ્વાર અકસ્માત સર્જાતા માંડ-માંડ તેમનો જીવ બચી ગયો હતો. ટ્રેનમાં ચઢવા જતી વખતે પ્લેટફોર્મ પર પગ લપસી જવાથી તેઓતે નીચે પટકાયા હતા.પ્રાપ્ત વિગતો અનુસાર, આજ રોજ પ્રિતમસિંહ ચૌહાણ બાજવા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૨ પર ટ્રેનમાં સવાર થવા માટે જઈ રહ્યા હતા. તે દરમિયાન અચાનક તેમનો પગ સ્લીપ થઈ જવાથી તેઓ પ્લેટફોર્મ અને ટ્રેન વચ્ચેની જગ્યામાં અથવા નીચે પટકાયા હતા. આ અકસ્માતમાં તેમને ડાબા પગે તેમજ માથાના પાછળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક ધોરણે ૧૦૮ કટોકટી એમ્બ્યુલન્સ સેવાનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ૧૦૮ ની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

### સેવાસીની માફાર્મ ખાતે બે દિવસીય ડે-ટુ-ડોન ગરબા અનુભવ

# વડોદરામાં 17-18 ઓક્ટોબરે 'કંકુપગલા 2026'નો રંગ જામશે



વડોદરાઃ ગુજરાતી ગરબા અને પરંપરાગત સંસ્કૃતિને આધુનિક સંગીત સાથે જોડતો અનોખો 'કંકુપગલા 2026' કાર્યક્રમ આગામી 17 અને 18 ઓક્ટોબરે વડોદરાના સેવાસી સ્થિત માફાર્મ ખાતે યોજાશે. બંને દિવસ સાંજે 7 વાગ્યાથી સૂર્યોદય સુધી ગરબા અને સંગીતનો અનોખો અનુભવ માણવા મળશે. કંકુપગલાને ડે-ટુ-ડોન ગરબા અનુભવ તરીકે આયોજિત કરવામાં આવ્યો છે. જેમાં શેરી ગરબા, રાસ, આદ્યોગરબા અને પ્રોગ્રેસિવ ટેકનો ગરબા ઉપરાંત સંધ્યા આરતી, મહાઆરતી અને અમૃત આરતી જેવા ધાર્મિક કાર્યક્રમો પણ યોજાશે. સાંજે સ્વાગત વેળા બાદ સંધ્યા આરતી, નાદ ગુંજના, શેરી ગરબા-લોક રંગ રાસ અને રંગીલા રાસ યોજાશે. મધરાતે મહાઆરતી બાદ આદ્યોગરબા, અમૃત આરતી અને 'અનહદ પ્રવાહ' કાર્યક્રમ. બે દિવસ, બે રંગની થીમ 17 ઓક્ટોબરે લાલ અને 18 ઓક્ટોબરે પીળો ડ્રેસ કોડ રહેશે. મુખ્ય આકર્ષણ બેરફૂટ ગરબા ઝોન રહેશે, જેમાં આશરે 3,500 સહભાગીઓ માટે વ્યવસ્થા કરાઈ છે.

# ગુજરાતમાં પ્રથમ વખત પ્રાથમિક શાળામાં બાળ સંસદ અને કેશવ અભ્યાસિકાનું લોકાર્પણ

**કવિ** પ્રેમાનંદ પ્રાથમિક શાળામાં ૧૨ લાખના ખર્ચે તૈયાર થઈ મિની પાલર્મિન્ટ,NEP-2020 ને સાકાર કરતી પહેલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.17
ગુજરાતમાં સૌ પ્રથમવાર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, વડોદરા સંચાલિત ગાજરાવાડીની કવિ પ્રેમાનંદ પ્રાથમિક શાળા ખાતે બાળ સંસદ (મિની પાર્લામેન્ટ) અને કેશવ અભ્યાસિકાનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના ઉદ્દેશ્યોને સાર્થક કરવા બાળકોમાં નેતૃત્વ, નિર્ણયશક્તિ અને લોકશાહી મૂલ્યોનો વિકાસ થાય તે હેતુથી આ પહેલ કરાઈ છે. આ કાર્ય શાનવી ચેરિટેબલ ટ્રસ્ટ, સર્વમંગળ ટ્રસ્ટ, ભારતીય જનકલ્યાણ ટ્રસ્ટ અને તેમના યુવા મિત્રોના સહયોગથી આશરે 12 લાખથી વધુના ખર્ચે સંપન્ન થયું છે. આ લોકાર્પણ સમારોહમાં ડેપ્યુટી મેયર અને પૂર્વ ચેરમેન આદિત્ય પટેલ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન અંજનાબેન ઠક્કર, પ્રસિદ્ધ મોટિવેશનલ સ્પીકર જય થડેશ્વર, સ્થાનિક કોર્પોરેટરો, સહયોગી સંસ્થાઓના ટ્રસ્ટીઓ, તમામ શાળાઓના



આચાર્યો અને શિક્ષણવિદો ઉપસ્થિત રહ્યા હતા. બાળ સંસદની મુખ્ય વિશેષતા એ છે કે તે ભારતના સંસદ ભવનની આબેહૂબ મિની પ્રતિકૃતિ મુજબ તૈયાર કરવામાં આવી છે, જેમાં એકસાથે ૬૦ વિદ્યાર્થીઓ બેસી શકે છે. તેનો હેતુ વિદ્યાર્થીઓને બાળપણથી જ લોકશાહી પ્રક્રિયા, ચૂંટણી વ્યવસ્થા અને પોતાના અધિકારો પ્રત્યે જાગૃત કરવાનો છે. કાર્યક્રમમાં જય થડેશ્વરે પોતાના જીવન સંઘર્ષના પ્રસંગો ટાંકી વિદ્યાર્થીઓને અભ્યાસનું મહત્વ અને ક્યારેય હાર ન માનવાની પ્રેરણા આપી હતી. ઉપસ્થિત મહેમાનોએ જણાવ્યું હતું કે આ બાળ સંસદ થકી નાની વયથી જ બાળકોમાં જવાબદારીની ભાવના કેળવાશે અને ભવિષ્યના સશક્ત નાગરિકો તૈયાર થશે.

## પાલિકા દ્વારા શહેર કક્ષાનો ગરબા મહોત્સવ યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.17
સાંસ્કૃતિક નગરી વડોદરામાં નવરાત્રિ મહોત્સવને લઈને ખેલૈયાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ વર્ષે પણ વડોદરા મહાનગરપાલિકા દ્વારા વડોદરાના નાગરિકો અને ગરબા રસિકો માટે ભવ્ય સ્તરે 'શહેરકક્ષાના ગરબા મહોત્સવ'નું ખાસ આયોજન કરવામાં આવી રહ્યું છે. વડોદરાની પ્રાચીન અને અર્વાચીન ગરબા પરંપરાને જીવંત રાખવા તથા તમામ વર્ગના લોકો એકસાથે મળીને નવરાત્રિના પાવન પર્વની ઉજવણી કરી શકે તે હેતુથી મહાનગરપાલિકા તંત્ર દ્વારા આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.ગરબા મહોત્સવના સફળ આયોજન માટે પાલિકા દ્વારા તમામ જરૂરી સુવિધાઓ તેમજ સુરક્ષા અને વ્યવસ્થાની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ગરબા ગ્રાઉન્ડ ખાતે ખેલૈયાઓ માટે યોગ્ય લાઈટિંગ, મજબૂત સાઉન્ડ સિસ્ટમ, પાર્કિંગ વ્યવસ્થા અને પીવાના પાણીની સુવિધા સહિતની સુનિશ્ચિતતા માટે તંત્ર સજ્જ બન્યું છે.

# MSUમાં શિક્ષણ,મનોવિજ્ઞાન અને વર્તનમાપન પર છઠ્ઠી પરિષદ યોજાશે

**વિકસિત** ભારત 2047 ના લક્ષ્ય સાથે ત્રણ દિવસ સુધી નિષ્ણાંતો મંથન કરશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.17
મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયની શિક્ષણ અને મનોવિજ્ઞાન વિદ્યાશાખા દ્વારા છઠ્ઠી આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં વિકસિત ભારત 2047 ના લક્ષ્ય સાથે ત્રણ દિવસ સુધી દેશ-વિદેશના નિષ્ણાતો મંથન કરશે.

અમદાવાદની મેહરિઝમ આકલન સંસ્થાના સહયોગથી યોજાનારી આ પરિષદનો મુખ્ય વિષય શિક્ષણ, મનોવિજ્ઞાન અને વર્તનમાપનનો સમન્વય અને વિકસિત ભારત 2047 માટે રાષ્ટ્રીય આયોગના માળખાનું એકીકરણ રાખવામાં આવ્યો છે. આ પરિષદ આગામી 8 થી 10 ઓક્ટોબર દરમિયાન પ્રત્યક્ષ અને ઓનલાઈન એમ બંને રીતે યોજાશે. આ પરિષદ સંલગ્ન અને આરોગ્ય વ્યવસાય માટેના રાષ્ટ્રીય આયોગ અધિનિયમ 2021



હેઠળ મનોવિજ્ઞાન અને પરામર્શને મળેલી માન્યતાના નવા યુગ અંગે કેન્દ્રિત છે. ત્રણ દિવસ દરમિયાન આ નવા કાયદાની અસર વિશ્વવિદ્યાલયના અભ્યાસક્રમો, શાળાકીય પરામર્શ અને દેશના માનસિક આરોગ્ય કાર્યબળ પર કેવી રહેશે તે અંગે વિચારણા કરાશે. પરિષદનો પ્રારંભ ગુરુવાર, 8 ઓક્ટોબરે ઉદ્ઘાટન સમારોહથી થશે. શુક્રવાર, 9 ઓક્ટોબરે સંશોધકો અને અધ્યાપકો માટે ચાર કાર્યશાળા, એક પરિસંવાદ અને સંશોધનપત્રોની રજૂઆત થશે.

શનિવાર, 10 ઓક્ટોબરે જે દિવસે વિશ્વ માનસિક આરોગ્ય દિવસ છે તે દિવસે સમાપન સમારોહ યોજાશે. સમાપન સમારોહમાં સંલગ્ન અને આરોગ્ય વ્યવસાયો માટેના રાષ્ટ્રીય આયોગના અધ્યક્ષા ડો. યજ્ઞા ઉમેશ શુક્લા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

## ત્રણ દિવસ વરસાદની આગાહી,તાપમાન 37 ડિગ્રી સુધી પહોંચશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.17
વડોદરા શહેરમાં ચોમાસાની વિદાય વચ્ચે હવામાન વિભાગે ફરી વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગ દ્વારા આજે જાહેર કરાયેલા સ્થાનિક હવામાન અહેવાલ મુજબ ગત 24 કલાકમાં મહત્તમ તાપમાન 33.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતા 0.3 ડિગ્રી વધુ છે. જ્યારે લઘુત્તમ તાપમાન 25.6 ડિગ્રી રહ્યું હતું, જે સામાન્ય કરતા 0.4 ડિગ્રી વધુ છે. છેલ્લા 24 કલાક દરમિયાન શહેરમાં વરસાદ નોંધાયો નથી. સવારે 8.30 વાગ્યે હવામાં ભેજનું પ્રમાણ 90 ટકા અને સાંજે 5.30 વાગ્યે 65 ટકા નોંધાયું હતું. હવામાન વિભાગની આગામી 7 દિવસની આગાહી મુજબ આજે તા.17 થી 20 સપ્ટેમ્બર સુધી શહેરમાં ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે. આ દરમિયાન લઘુત્તમ તાપમાન 26 થી 27 ડિગ્રી અને મહત્તમ તાપમાન 32 થી 34 ડિગ્રી વચ્ચે રહેશે. 21 સપ્ટેમ્બરના રોજ સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેશે અને હળવો વરસાદ પડી શકે છે.

## ગણપતિ આગમન વિવાદમાં ABVPએ આક્ષેપો ફગાવી નિષ્પક્ષ તપાસની માંગ કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.17
એમ.એસ. યુનિવર્સિટીમાં ગણપતિ આગમન દરમિયાન થયેલી મારામારી બાદ ચાલી રહેલા વિવાદમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) વડોદરા મહાનગરે પોતાનો પક્ષ રજૂ કર્યો છે. ABVPએ જણાવ્યું કે યુનિવર્સિટીમાં તેઓ કોઈપણ પ્રકારની રાજકીય ગતિવિધિ ચલાવતા નથી અને ગણપતિ આગમનની ઘટના અંગે સંગઠન સામે કરાયેલા આક્ષેપો પાયાવિહોણા છે.

ABVPએ દાવો કર્યો કે AIS અને VVSની પ્રેસ કોન્ફરન્સમાં તેમના કથિત રાજકીય સંબંધો તેમજ વિવિધ ચૂંટણીઓમાં કોંગ્રેસની મદદથી ચૂંટણી લડવાના મુદ્દાઓ અંગે ચર્ચા થઈ નથી. પાર્થ પંડ્યા સહિત કેટલાક લોકોના રાજકીય અને પરિવારના જોડાણ અંગે પણ પ્રશ્નો ઉઠાવાયા હોવાનું ABVPએ જણાવ્યું.

સંગઠને વધુમાં આક્ષેપ કર્યો કે કાર્યકર્તા આશિષ સોલંકી સાથેની મારામારી દરમિયાન જાતિ પૂછીને જાતિસૂચક શબ્દોનો ઉપયોગ થયો હતો અને માથામાં ગંભીર ઈજાને પગલે ઓપરેશન કરાવવું પડ્યું હતું. આ ઘટનાને 2027ની ચૂંટણી સાથે જોડીને રાજકીય રંગ આપવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાનો પણ આક્ષેપ કરાયો. ABVPએ ભાવનાત્મક આક્ષેપોને બદલે આશિષ સોલંકી સાથે બનેલી ઘટનાની **નિષ્પક્ષ તપાસ કરી જવાબદારી નક્કી કરવા અને હકીકત જનતા સમક્ષ મૂકવાની માંગ** કરી છે.

## જર્નાલિઝમ ફેકલ્ટીમાં જૈન સંવત્સરી અને હિન્દી દિવસની ઉજવણી

(પ્રતિનિધિ) વડોદરા તા.17
મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયની જર્નાલિઝમ ફેકલ્ટીમાં આ સપ્તાહે બે વિશેષ ઉજવણીઓ યોજાઈ હતી. જૈન સંવત્સરી નિમિત્તે વિદ્યાર્થીઓને જૈન દર્શનની અહિંસા, અપરિગ્રહ, સમ્યક દર્શન, સમ્યક જ્ઞાન અને અનેકાંતવાદ જેવી ફિલસૂફી વિશે માહિતગાર કરાયા હતા. શિક્ષકો અને વિદ્યાર્થીઓએ એકબીજા પાસે અજાણતાં થયેલી ભૂલો બદલ મિચ્છામી દુક્કડંમ પાઠવી માફી માંગી હતી. ત્યારબાદ



હિન્દી દિવસની ઉજવણી કરાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓએ સ્વરચિત કૃતિઓ ઉપરાંત મૈથિલીશરણ ગુપ્ત, રામધારી સિંહ દિનકર અને જયશંકર પ્રસાદ જેવા પ્રસિદ્ધ હિન્દી સાહિત્યકારોની રચનાઓનું પઠન કર્યું હતું. શ્રેષ્ઠ મૌલિક કૃતિઓ રજૂ કરનાર વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. નિર્ણાયક તરીકે મુલાકાતી અધ્યાપક ખ્યાતિ ખરોડ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિદ્યાશાખાના અધ્યક્ષ પ્રો. ડો. અવની મણિયારે જણાવ્યું હતું કે, આવા કાર્યક્રમોથી વિદ્યાર્થીઓને પોતાની સર્જનાત્મકતા વ્યક્ત કરવાની તક મળે છે અને સાહિત્ય પ્રત્યે રસ કેળવાય છે.

## મકરંદ દેસાઈ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા કાશીબા ચિલ્ડ્રન હોસ્પિટલને આર્થિક સહાય

(પ્રતિનિધિ) વડોદરા તા.17
વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે સેવા અને સામાજિક જવાબદારીના ભાગરૂપે મકરંદ દેસાઈ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા કાશીબા ચિલ્ડ્રન હોસ્પિટલ ખાતે આર્થિક યોગદાન કરવામાં આવ્યું હતું. ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોના બાળકોને સારવારમાં સહાય મળી રહે તે હેતુથી આ સેવા કાર્ય હાથ ધરાયું હતું.

સ્વ. મકરંદભાઈ દેસાઈની સમાજસેવાની પરંપરાને આગળ વધારવાના હેતુથી ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રીમતી નીલાબેન મકરંદ દેસાઈ અને તેમના પરિવાર દ્વારા આ સહાય કરવામાં આવી હતી. વિવિધ બીમારીઓથી પીડાતા બાળકોને જરૂરી સારવાર મળી રહે અને તેઓ સ્વસ્થ તથા ખુશહાલ જીવન જીવી શકે તેવા માનવીય અભિગમ સાથે આ યોગદાન આપવામાં આવ્યું હોવાનું ટ્રસ્ટ પરિવાર દ્વારા જણાવાયું હતું. ટ્રસ્ટ પરિવારના જણાવ્યા અનુસાર, 'ફૂલ નહીં તો ફૂલની પાંખડી'ની ભાવનાથી કરવામાં આવેલો આ નાનો પ્રયાસ સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવવાનો એક પ્રયાસ છે. આર્થિક સહાય પાછળ પ્રસિદ્ધિ કે નામના મેળવવાનો કોઈ આશય નથી, પરંતુ વડીલોએ દર્શાવેલા સેવામાર્ગથી પ્રેરાઈને સમાજ માટે યથાશક્તિ યોગદાન આપવાની ભાવના છે. સ્વ. મકરંદભાઈ દેસાઈએ પ્રસ્થાપિત કરેલી સેવાભાવનાની પરંપરા પરિવારને સતત સમાજસેવા માટે પ્રેરણા આપતી રહે તેવી લાગણી પણ વ્યક્ત કરવામાં આવી હતી.

## વડોદરા રેલવે મંડળમાં 'સ્વચ્છતા હી સેવા-2026' અભિયાનનો શુભારંભ

(પ્રતિનિધિ) વડોદરા તા.17
પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ પર આજથી 'સ્વચ્છતા હી સેવા-2026' અભિયાનનો સ્વચ્છતા શપથ સાથે પ્રારંભ કરવામાં આવ્યો હતો. રેલવે બોર્ડના નિર્દેશ અનુસાર આ અભિયાન આગામી 2 ઓક્ટોબર સુધી ચાલશે. આ વર્ષની થીમ 'સ્વચ્છતામાં સહભાગ; સ્વચ્છ ભારત, વિકસિત ભારત'રાખવામાં આવી છે. મંડળના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેનાના જણાવ્યા અનુસાર, અભિયાનના



પ્રથમ દિવસે મંડળ હેઠળના તમામ સ્ટેશનો, કોચિંગ ડેપો, રેલવે કોલોનીઓ અને ઈલેક્ટ્રિકલ ડેપોમાં સ્વચ્છતા શપથના કાર્યક્રમો યોજાયા હતા. મંડળ કાર્યાલય પરિસરમાં અપર મંડળ રેલ પ્રબંધક નીરજ ધમીજાએ અધિકારીઓ અને કર્મચારીઓને સ્વચ્છતા જાળવવાની શપથ લેવડાવી હતી. શપથ બાદ મંડળ કાર્યાલયથી પ્રતાપનગર સ્ટેશન સુધી **જાગૃતિ રેલી** યોજાઈ હતી. રેલી દરમિયાન કર્મચારીઓએ 'સ્વચ્છ રેલ, સ્વચ્છ ભારત'ના નારા લગાવી મુસાફરોને રેલવે પરિસરમાં સ્વચ્છતા જાળવવા અને કચરો નિર્ધારિત સ્થળે જ નાખવા અપીલ કરી હતી.